દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૧૬ જૂન, ૨૦૨૬

અલ-નીનોનો આરંભ થઇ ગયો: ગુજરાતે વિશેષ તૈયારી રાખવી પડશે

આ વર્ષ અલ-નીનોનું વર્ષ છે. અલ-નીનો આમ તો એક કુદરતી પ્રક્રિયા છે જે કદાચ સદીઓથી ચાલતી આવી છે જેમાં પ્રશાંત મહાસાગરમાં એક ગરમ પાણીનો પ્રવાહ વહેતો થાય છે અને તેને કારણે પૃથ્વીના અનેક વિસ્તારોમાં હવામાનમાં ફેરફારો થાય છે. આપણા ભારતની રીતે જોઇએ તો જે વર્ષે અલ-નીનોનું અસ્તિત્વ હોય છે તે વર્ષે ભારતમાં વરસાદ ઓછો થાય છે. અને હવે હવામાનશાસ્ત્રીઓએ જાહેરાત કરી દીધી છે કે અલ-નીનોની શરૂઆત થઇ ચુકી છે. 'અલ નીનો'નું પ્રશાંત મહાસાગરમાં નિર્માણ થયું છે અને તે ઐતિહાસિક સ્તરે મજબૂત બને તેવી અપેક્ષા છે, તેમ હવામાનશાસ્ત્રીઓએ ગુરુવારે જાહેરાત કરી હતી. હાલમાં માનવ સર્જિત પ્રદૂષણને કારણે છેલ્લા અનેક વર્ષોથી ગ્લોબલ વોર્મિંગની પ્રક્રિયા તો ચાલી જ રહી છે અને તેને કારણે આત્યંતિક હવામાનની ઘટનાઓ બની રહી છે તેમાં આ અલ-નીનો મુશ્કેલીઓમાં વધુ ઉમેરો કરવા આવી પહોંચ્યું છે. વળી, આ વખતનું આ પ્રાકૃતિક ચક્ર વધુ સખત રહેવાની આગાહી થઇ છે અને તે વિક્રમી રીતે મજબૂત રહે તેવી શક્યતા પણ દર્શાવવામાં આવી છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, કુદરતી રીતે તાપમાન વધવાની આ પ્રક્રિયા અશ્મિભૂત ઇંધણના પ્રદૂષણને કારણે પહેલેથી જ ગરમ થઇ રહેલી પૃથ્વીને વધુ ગરમ કરશે અને સમગ્ર ગ્રહ પર આત્યંતિક હવામાનને વધુ વેગ આપશે તેવી સંભાવના છે. હવામાનશાસ્ત્રીઓ આગાહી કરી રહ્યા છે કે આ અલ નીનો ૧૯૯૭માં થયેલા રેકોર્ડબ્રેક અલ નીનોની બરાબરી કરશે અથવા તેનાથી પણ આગળ નીકળી જશે, જેણે હીટ વેવ, પૂર, દુષ્કાળ, ચક્રવાત અને જંગલમાં લાગતી આગ દ્વારા અબજો ડોલરનું નુકસાન પહોંચાડ્યું હતું. અમેરિકાના નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) એ સત્તાવાર રીતે અલ નીનોની હાજરીની પુષ્ટિ કરી છે. અલ નીનો એ વિષુવવૃત્ત નજીક પ્રશાંત મહાસાગરના પાણીનું ગરમ થવું છે, જે સમગ્ર વિશ્વમાં હવામાનની પેટર્નને અસર કરે છે. NOAAની જાહેરાતમાં જણાવવામાં આવ્યું છે કે, આ શરદ ઋતુના અંતમાં અને શિયાળાની શરૂઆતમાં અલ નીનો એટલો તીવ્ર બની જવાની ૬૩ ટકા શક્યતા છે કે તે ૧૯૫૦થી અત્યાર સુધીના ઐતિહાસિક રેકોર્ડમાં સૌથી મોટા અલ નીનો તરીકે સ્થાન પામશે. ક્લાર્ક યુનિવર્સિટીના ક્લાઇમેટ સાયન્ટિસ્ટ એબી ફ્રેઝિયરે જણાવ્યું હતું કે ખાસ કરીને પ્રશાંત મહાસાગરના ક્ષેત્રમાં સ્થિતિ ખૂબ જ ઝડપથી ગંભીર બની શકે છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે અલ નીનોને તાત્કાલિક આબોહવા ચેતવણી ગણાવી હતી. ગુટેરેસે એક વિડીયો સંદેશમાં જણાવ્યું હતું કે, અલ નીનોની સ્થિતિ પહેલાથી જ ગરમ થઇ રહેલી દુનિયામાં આગમાં ઘી હોમવાનું કામ કરશે.

આ હવામાન પેટર્નની અસરો પ્રદેશ પ્રમાણે બદલાય છે. ફ્રેઝિયરે જણાવ્યું હતું કે, અલ નીનો અવારનવાર એટલાન્ટિક હરિકેનની પ્રવૃત્તિને ધીમી પાડે છે - જો કે સંપૂર્ણપણે નાબૂદ કરતું નથી - પરંતુ પ્રશાંત મહાસાગરમાં તેમાં વધારો કરે છે. તેથી, જ્યારે અમેરિકાના પૂર્વ અને ગલ્ફ કિનારાને થોડી રાહત મળી શકે છે, ત્યારે હવાઈ અને અન્ય ટાપુઓ વધુ જોખમમાં મુકાઈ શકે છે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, દુષ્કાળનો સામનો કરી રહેલા મધ્ય પૂર્વના દેશોને આનાથી ફાયદો થઈ શકે છે. પશ્ચિમી દક્ષિણ અમેરિકાના ભાગોમાં ઘણીવાર અલ-નીનોને કારણે અતિશય ગરમીની સાથે ભારે વરસાદ અને પૂરની સ્થિતિ સર્જાય છે. ભારત વધુ તીવ્ર હીટ વેવનો સામનો કરી શકે છે, જ્યારે ઓસ્ટ્રેલિયામાં દુષ્કાળ, દાવાનળ અને ગરમીનું જોખમ છે. ઉત્તર-પૂર્વ આફ્રિકામાં હવામાનમાં મોટો પલટો જોવા મળી શકે છે, જ્યાં તીવ્ર દુષ્કાળથી લઈને ખતરનાક ભારે વરસાદ સુધીની સ્થિતિ સર્જાઈ શકે છે. આ હવામાન પેટર્નને કારણે વધતા તાપમાનથી અમેરિકાની આર્થિક વૃદ્ધિ ધીમી પડી શકે છે, તેમ સ્ટેનફોર્ડના ક્લાઈમેટ ઈકોનોમિસ્ટ માર્શલ બર્કે જણાવ્યું હતું. કેટલાય હવામાન વૈજ્ઞાનિકોની આગાહી છે કે આ અલ નીનોની લાંબા ગાળાની અસરોને કારણે વર્ષ ૨૦૨૭ ઇતિહાસનું સૌથી ગરમ વર્ષ બની રહેશે આ અલ નીનો સત્તાવાર રીતે શરૂ થયો તે પહેલાં જ તેને "સુપર"થી લઈને "ગોડઝિલા" જેવા ઉપનામો આપવામાં આવ્યા છે, જે તેની ભયંકરતા સૂચવે છે. યુરોપિયન યુનિયનની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ(C3S) મલ્ટી-મોડલ સિસ્ટમે વિશ્વના કેટલાક અગ્રણી હવામાન કેન્દ્રોની આગાહીઓનો સમન્વય કરીને એક અહેવાલ આપ્યો છે. આ અહેવાલમાં ભારત માટે અને ખાસ કરીને ગુજરાત સહિતના કેટલાક પશ્ચિમી ભાગો માટે વધુ ચિંતાજનક સંકેતો છે. હવામાનના નકશાઓ જે દર્શાવે છે તે મુજબ, ભારતના મોટાભાગના વિસ્તારો, ખાસ કરીને પશ્ચિમ અને મધ્ય ભાગોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની સંભાવના વધારે છે. આ વિસ્તારોમાં ગુજરાતના કેટલાક ભાગો સૌથી વધુ જોખમ ધરાવતા વિસ્તારો તરીકે અલગ તરી આવે છે, જ્યાં વરસાદ ઓછો થવાની સંભાવના સૌથી વધુ છે. અન્ય એક હવામાન નકશામાં સરેરાશ વરસાદની સરખામણીમાં અપેક્ષિત ઘટાડો દર્શાવવામાં આવ્યો છે, જે સૂચવે છે કે કેટલાક વિસ્તારોમાં 100 થી 200 મિલીમીટર અથવા તેનાથી પણ વધુ વરસાદની ઘટ વર્તાઈ શકે છે. આમાં સૌથી મોટી ઘટ પશ્ચિમ કિનારાના કોંકણ અને ગોવા ક્ષેત્રમાં જોવા મળી શકે છે. ગુજરાતના કેટલાક ભાગોમાં તો ખૂબ ઓછો વરસાદ થઇ શકે છે એમ જણાવાય છે. આ બધી આગાહીઓને જોતા ગુજરાતે સંભવિત જળ સંકટને પહોંચી વળવા અત્યારથી જ વિશેષ તૈયારીઓ શરૂ કરી દેવી જોઇએ.

જીવવું કઈ રીતે

એક સંત પાસે જઈને એક શ્રદ્ધાળુએ પ્રમાણ કરતાં પૂછ્યું, 'બાપુ,મારે મારા જીવનનો દિવસોનો એકદમ સારો અને સાચો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ જેથી મને મનુષ્ય જીવન આપનાર ભગવાન ખુશ થાય, મારા કામ અને કર્મોથી ઈશ્વરને સંતોષ થાય.'

સંતે કહ્યું, 'તારા સવાલનો મારી પાસે એક જ જવાબ છે કે જીવનની એક એક ક્ષણ ભરપૂર પ્રેમ સાથે જીવવી...'

આ સંવાદ સાંભળનાર બીજા એક અનુયાયીએ પૂછ્યું, 'બાપુ, એટલે કેવી રીતે ?? આખો વખત મનમાં પ્રેમ કઈ રીતે ઊભરાય ??'

સંત બોલ્યા, 'તે જ તો શીખવાનું છે, જીવનની ક્ષણ ક્ષણમાં પ્રેમ ભરો, જીવનના કણ કણ ને જીવનમાં જન જનને ચાહતા શીખો.બધા પાસેથી કંઇક નવું જાણવા અને શીખવા મળશે તે શીખો.....'

સંત સમજાવતા જતા હતા પણ બધાના મનમાં થતું હતું કે સતત પ્રેમ સાથે કઈ રીતે જીવી શકાય અઘરું છે ક્યારેક તો ગુસ્સો આવે, મન નારાજ થાય ને.....

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

બધાના મનની વાત સંત સમજી ગયા હોય તેમ બોલ્યા, 'જીવનમાં હરક્ષણ સતત બધાને ભરપુર પ્રેમ કરવાનું તમને અઘરું લાગે છે ને??? હા ખરેખર અઘરું છે પણ તમારે તે શીખવું જરૂરી છે.સૌથી પહેલા તમે ઈશ્વરને પ્રેમ કરો પછી પોતાની જાતને પ્રેમ કરો, જીવનસાથીને ચાહો અને સ્વજનોને પ્રેમ કરો આ તો સહેલું છે ને...'

બધાએ કહ્યું, 'હા, પ્રેમ તો કરીએ છીએ...' પ્રશ્ન પૂછનાર શ્રધ્ધાળુએ કહ્યું, ' પણ, બાપુ સ્વજનો સાથે ક્યારેક ઝઘડો પણ થાય, ક્યારેક પોતાની જાત પર પણ ગુસ્સો આવે અને ક્યારેક તો અણગમતું થાય કે અસહ્ય દુ:ખ આવે તો ભગવાનને પણ ફરિયાદ થઇ જાય.....'

સંત બોલ્યા, 'બસ તમે બધા તો આટલું જાણો છો તો હવે આગળ તમારે એટલું જ કરવાનું છે કે આ બધું નહિ કરવાનું.....ગુસ્સો ન કરવો, ઝઘડો ન કરવો, ઈર્ષ્યા ન કરવી,પોતાની જાત સાથે પણ ભૂલ થાય તો આકરા ન થવું અને ભગવાન તો જે કરે છે તે સારા માટે તે સમજી લેવું... તો પછી ફરિયાદ કરવાનો પ્રશ્ન જ નથી.' બીજા એક અનુયાયીએ પૂછ્યું, 'બાપુ પણ તમે કહ્યું જીવન ભરપુર પ્રેમ સાથે જીવો, બધાને પ્રેમ કરો તે કેમ કરવું.'

સંતે કહ્યું, 'તમે બધા સ્વાર્થ છોડો અને પારકા અને પોતાના ભૂલીને બધાને પોતાના ગણો, અજાણ્યાને મદદ કરો , જરૂરિયાતમંદની સેવા કરો તમારા મન અને હૃદયમાં પ્રેમ ભરી દો તો ધીમે ધીમે બધાને પ્રેમ કરતા શીખી જશો અને જીવનમાં પ્રેમ જ પ્રેમ છવાઈ જશે અને ઈશ્વરને તે બહુ જ ગમશે.'

સંતે સાચી સરળ સમજ આપી કે જીવવું એટલે બધાને ચાહતા શીખવું.

શિક્ષણનો વૈભવ અને સમજણનો દુકાળ

૨૧મી સદીના ત્રીજા દાયકામાં આપણે એક એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં શિક્ષણ માત્ર પુસ્તકો અને વર્ગખંડ પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તે એક ભવ્ય 'વૈભવ' બની ચૂક્યું છે. ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એર-કંડિશન્ડ ડિજિટલ ક્લાસરૂમ્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ટૂલ્સ, સ્માર્ટ ગેજેટ્સ અને ઈ-લર્નિંગ પ્લેટફોર્મ્સે શિક્ષણને અત્યંત આકર્ષક અને હાઈ-ટેક બનાવી દીધું છે. આજે જ્ઞાન કોઈપણ વ્યક્તિની આંગળીના ટેરવે, એક જ ક્લિક પર ઉપલબ્ધ છે. પરંતુ આ ભૌતિક અને તકનીકી ભવ્યતાની પાછળ એક વરવી વાસ્તવિકતા છુપાયેલી છે. પ્રશ્ન એ થાય છે કેઃ શું શિક્ષણના આ અદભુત વૈભવની સાથે વિદ્યાર્થીઓમાં સાચી સમજણ, મૌલિકતા અને વિવેકબુદ્ધિનો વિકાસ થયો છે ખરો? કમનસીબે, આજે ડિગ્રીઓનો સુકાળ હોવા છતાં માનવીય અને વ્યવહારિક સમજણનો ભારે દુકાળ જોવા મળી રહ્યો છે.

શું શિક્ષણના આ અદભુત વૈભવની સાથે વિદ્યાર્થીઓમાં સાચી સમજણ, મૌલિકતા અને વિવેકબુદ્ધિનો વિકાસ થયો છે ખરો?

»» માહિતીનો વિસ્ફોટ વિરુદ્ધ જ્ઞાનની ગેરહાજરી

આજના ડિજિટલ યુગમાં ઈન્ટરનેટના કારણે માહિતીનો મહાસાગર હિલોળા લઈ રહ્યો છે. ગૂગલ, યુટ્યુબ કે વિકિપીડિયાના માધ્યમથી ગમે તે વિષયનો ડેટા સેકન્ડોમાં મળી જાય છે. આજની પેઢી ટેકનોલોજીના ઉપયોગમાં ખૂબ જ 'સ્માર્ટ' છે. પરંતુ, આપણે એ ભૂલી રહ્યા છીએ કે માહિતી એ જ્ઞાન નથી અને જ્ઞાન એ સમજ નથી. વર્તમાન શિક્ષણ પ્રણાલી ગુણવત્તા કરતાં જથ્થા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. અભ્યાસક્રમ પૂરો કરવાની આંધળી દોટ, પ્રોજેક્ટ્સ સબમિટ કરવાનું ભારણ અને પરીક્ષામાં ઉંચા ટકા લાવવાનું માનસિક દબાણ વિદ્યાર્થીઓને વિષયના મૂળભૂત સિદ્ધાંતો સમજવા દેતું નથી. પરિણામે, માહિતી મગજમાં માત્ર હાર્ડ ડિસ્કની જેમ સંગ્રહિત થાય છે, પણ તે વિદ્યાર્થીના વ્યવહારિક જીવનમાં કે કોઈ નવા સંશોધનમાં રૂપાંતરિત થઈ શકતી નથી. ડેટા ઘણો છે, પણ તેને આત્મસાત કરવાની ક્ષમતા ઘટી રહી છે.

આજે ગલીએ-ગલીએ એન્જિનિયર્સ, મેનેજર્સ અને ઉચ્ચ ડિગ્રીધારકો મળી જશે. માર્ક્સશીટ પર ૯૫% કે ૯૮% ગુણ લાવવા હવે સામાન્ય બની ગયા છે. ઓનલાઈન ટૂલ્સ અને ગોખણપટ્ટીના સહારે ડિગ્રી મેળવવી સરળ બની ગઈ છે. પરંતુ આ શૈક્ષણિક વૈભવ વચ્ચે જ્યારે આ વિદ્યાર્થીઓ વાસ્તવિક દુનિયામાં પગ મૂકે છે, ત્યારે તેમની સમજણ ટૂંકી પડે છે.

જે શિક્ષણ મનુષ્યને પોતાના પગ પર ઊભા રહેતા ન શીખવે, જે તેનામાં આત્મવિશ્વાસ અને ચારિત્ર્યનું નિર્માણ ન કરે, તે શિક્ષણ માત્ર અક્ષરજ્ઞાન છે.

આજનો વિદ્યાર્થી કમ્પ્યુટર સ્ક્રીન પર ગણિતના જટિલ કોડિંગ સરળતાથી ઉકેલી નાખે છે, પરંતુ જ્યારે જીવનમાં કોઈ નાની મુશ્કેલી આવે ત્યારે તે હિંમત હારી જાય છે. લાગણીઓ પર કાબૂ રાખવો, આંતરવૈયક્તિક સંબંધો સાચવવા કે સંકટ સમયે સાચો નિર્ણય લેવો–આવી મૂળભૂત કુશળતાનો આજે ગંભીર દુકાળ છે. સ્ક્રીન ટાઈમ વધવાને કારણે વિદ્યાર્થીઓ સામાજિક અને પ્રાયોગિક અનુભવોથી વંચિત થઈ ગયા છે. પરિણામે, આપણી પાસે સુશિક્ષિત યુવાનોની ફોજ તો છે, પણ દીર્ઘદ્રષ્ટિ ધરાવતા યુવાનોની ભારે અછત છે.

આજના વ્યાપારીકરણ પામેલા શિક્ષણ અને ગળાકાપ સ્પર્ધાએ વિદ્યાર્થીઓને નાની ઉંમરે જ તણાવના ગર્તામાં ધકેલી દીધા છે. સ્માર્ટફોન અને હાઈ-સ્પીડ ઈન્ટરનેટે નવી પેઢીને 'ઈન્સ્ટન્ટ' પરિણામોની આદત પાડી દીધી છે. જેમ એક સેકન્ડમાં રીલ્સ બદલાઈ જાય છે અથવા એક ક્લિક પર ખોરાક ઓર્ડર થઈ જાય છે, તેમ વિદ્યાર્થીઓ જ્ઞાન પણ 'ઈન્સ્ટન્ટ' મેળવી લેવા માંગે છે. પરંતુ સાચી સમજ અને પરિપક્વતા ક્યારેય ઝડપથી આવતી નથી; તે સમય, સાધના અને વૈચારિક ધૈર્ય માંગે છે. કોઈપણ ગહન વિષયને ઊંડાણપૂર્વક વાંચવા કે તેના પર ચિંતન કરવાને બદલે રેડીમેડ નોટ્સ અથવા ChatGPT જેવા AI ટૂલ્સ દ્વારા હોમવર્ક પૂરું કરવાની પ્રવૃત્તિ વધી રહી છે. આ શોર્ટકટ સંસ્કૃતિ વિદ્યાર્થીઓની મૌલિક વિચારશક્તિ અને વિવેચનાત્મક ક્ષમતાને કુંઠિત કરી રહી છે. તેઓ સવાલોના જવાબો તો જાણે છે, પણ એ જવાબો પાછળનું લોજિક સમજતા નથી.

આ તમામ નકારાત્મક પડકારો વચ્ચે સિક્કાની એક ઉજળી બાજુ પણ છે. આજના આધુનિક શિક્ષણના વૈભવે વિદ્યાર્થીઓને એક વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. આજનો યુવાન કૂવાના દેડકાની જેમ મર્યાદિત નથી, તેનો દ્રષ્ટિકોણ ગ્લોબલ બન્યો છે.

આજના વિદ્યાર્થીઓ પર્યાવરણ સુરક્ષા, ગ્રીન એનર્જી, આંત્રપ્રિન્યોરશિપ અને ફાઈનાન્સિયલ લિટરસી જેવા આધુનિક વિષયો પર અદભુત વિઝન ધરાવે છે. તદુપરાંત, ભારતમાં નવી શિક્ષણ નીતિના આગમનથી હવે 'ભાર વગરના ભણતર' અને કૌશલ્ય આધારિત શિક્ષણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. જો આ નીતિનો યોગ્ય અમલ થાય, તો આગામી સમયમાં આ શૈક્ષણિક વૈભવ સાચી સમજણમાં બદલાઈ શકે છે.

સમગ્રપણે જોતાં, એ વાત સ્પષ્ટ છે કે શિક્ષણ આજે ભૌતિક અને તકનીકી રીતે અત્યંત વૈભવશાળી બન્યું છે, પરંતુ આંતરિક સમજણ અને નૈતિકતાના મોરચે હજુ પણ દુકાળ જેવી સ્થિતિ પ્રવર્તે છે. શિક્ષણનો આ વૈભવ ત્યારે જ સાર્થક ગણાશે જ્યારે તે માનવીની સમજણને સમૃદ્ધ કરશે.

આ અંતરને પૂરવા માટે આપણે આપણા શૈક્ષણિક અભિગમને માર્ક્સથી મૂલ્યો તરફ અને માહિતી સંગ્રહથી મૌલિક વિચારસરણી તરફ વાળવો પડશે. શિક્ષણનું અંતિમ લક્ષ્ય માત્ર મોટી નોકરી કે આજીવિકા મેળવવાનું સાધન નથી, પરંતુ એક સંવેદનશીલ, જાગૃત અને સક્ષમ નાગરિકનું નિર્માણ કરવાનું છે. જ્યારે ટેકનોલોજીની સ્માર્ટનેસ સાથે નૈતિક મૂલ્યો અને વ્યવહારિક અનુભવોનો સમન્વય થશે, ત્યારે જ શિક્ષણનો આ વૈભવ ખરા અર્થમાં 'સમજણના સુકાળ' માં પરિણમશે. સાચો વિદ્યાર્થી એ જ છે, જે મેળવેલી સમજણ દ્વારા સમાજ અને રાષ્ટ્રના કલ્યાણમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપે.

રસોડાનો હવાલો રાતે કોક્રોચ પાસે હોય છે..!

રામ ચંદ્ર કહ ગયે સિયાસે,
ઐસા કલજુગ આયેગા
લહુ પિયેગા ખટમલ રાતે,
કોક્રોચ વટ જમાયેગા

છે ને આઈસ્ક્રીમ જેવો અફલાતુન ટેસ્ટી દુહો..? કોઈ પણ જ્ઞાનેશ્વરના ટ્યુશનની જરૂર જ નહિ પડે..! આપોઆપ સમજાઈ જાય. ચમનિયાની ખુદની Product છે બોસ..! એટલે કોઈ પણ પુરાણોમાં મળશે નહિ, ફંફોળતા નહિ..! પૃથ્વી ઉપર જેટલા ધંતુરા ઊગ્યા નથી, એનાથી વધારે આવા 'રેડીમેઈડ' કવિઓનો રાફડો ફાટ્યો છે બોસ..! તેમાંનો એક નમૂનો એટલે ચમનિયો..! એના કપાળમાં કાંદા ફોડું, 'ક્યાં ભગવાન શ્રી રામ, ક્યાં ભગવતી મા સીતાજી, ક્યાં ખટમલ ને ક્યાં કોક્રોચ..? વાંચે ત્યારે, મગજ પણ છટકે ને આંખ પણ છટકે..!

મારા હાળા શબ્દોનાં ટાંટિયા એવાં બેસાડે કે, ઠોઠ હોય તેનું પણ છટકે..! ચાલો ચાલવા દો...! ચલતીકા નામ ચૂંચૂંચૂંઉઉઉ..! ઝાટકો તો ત્યાં લાગે કે, પાછો પ્રભાવી ને ભપકાદાર 'તખ્ખલુસ' રાખે..! બે ઘડી એમ જ થાય કે, બરમુડાના માથે કવિ કલાપી હાથ ફેરવી ગયેલા કે શું..? પણ મુદ્દાની વાત એ છે કે, ચમનિયાની ૧૮ પેઢીએ શાકભાજીના ધંધામાં જ જીવન કાઢેલું. એની સ્મૃતિ જાળવવા, ચમનિયાએ પાછું તખલ્લુસ પણ 'હળદર' રાખેલું. આમ તો કવિ થવાના કોઈ ચાન્સ નહિ, પણ ખુદા ભી દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ. પરણ્યો પણ કવિતા નામની છોકરી સાથે. ને તેના 'વાઈબ્રેશન' ચમનિયાનાં ભેજામાં આવ્યાં. ૪૩૫ કવિતા લખી એમાં, ૪૧૮ કવિતા શાકભાજી ઉપર છે બોલ્લો..! બૂચાએ કંકોતરી પણ કાવ્યમાં છપાવેલી...! કેવી લખેલી તે જાણવું છે..? જવા દો, હું પૂરો વેજીટેરીયન છું ને કોઈનું ભેજું ખાઈને મારે નોન-વેજીટેરીયન બનવું નથી. ને મારા મગજમાં અત્યારે કોક્રોચ ફરી રહ્યો છે..!

હમણાં થયું એવું કે, વસ્તી ગણતરીવાળા એના ઘરે આવ્યા. તેમણે પ્રશ્ન પૂછવાને બદલે, ચમનિયાએ તેને જ એટલા પ્રશ્નો પૂછ્યા કે, બિચારો બેઠો-બેઠો જ વસ્તી ગણતરીવાળો પાકી ગયો..! વસ્તી ગણતરીમાં ઘર અને પરિવાર વિશેની જ માહિતી આપવાની હોય. ખટમલ, મચ્છર,ખટમલ-મચ્છર-માંકડ કે કોક્રોચની વસ્તી ભલે ગમે એટલી હોય, પણ એની ગણતરી નહિ થાય. છતાં ગણતરીવાળાનું લોહી પીધું કે, ''આ બધા પણ મારી સાથે જ મારા ઘરમાં વગર ભાડે રહે છે, એ જીવાતની પણ નોંધણી કરો, જેથી સરકારને ખબર પડે કે, બચ્ચું એટલું લોહી આ લોકો પીએ છે..! હાળા અમારું જ ખાય ને અમારા જ લોહીથી તગડા થાય છે..!'એકેય પાસે પાન કાર્ડ-ચૂંટણી કાર્ડ-રેશન કાર્ડ કે આધાર કાર્ડ નહિ, છતાં ફેમીલી મેમ્બર જેવી સવલત અને સાહ્યબી ભોગવે છે. તમારે તો અમને સામેથી પૂછવું જોઈએ કે, 'તમારા ઘરમાં કોક્રોચ કેટલા, મચ્છર કેટલા, મંકોડા કેટલા કે માંકડ કેટલા..?' આવી ઘુસણખોર જીવાતની પણ નોંધણી કરવી જોઈએ..! તમે માનશો નહિ, ચમનિયાની કચકચથી કંટાળી, વસ્તી ગણતરીવાળો ઓટલે ચોપડા નાંખીને ચાલી ગયો..! કૈસે કૈસે લોગ રહેતે હૈ યાર..?

કોક્રોચકો કભી કમજોર મત સમજના..! સૌથી પ્રાચીન અને અવિનાશી જીવો પૈકીનું કીટક એટલે કોક્રોચ..! ડાયનોસોર પહેલાં કોક્રોચ આવેલા. કરોડો વર્ષથી પૃથ્વી ઉપર ધૂણી ધખાવીને કોક્રોચ રાજ કરે છે. 'કોક્રોચ'શબ્દ, સ્પેનીશ (Cucaracha) ઉપરથી એકંદર ૪,૬૦૦ થી વધુ પ્રજાતિઓ ધરાવતા આ કીટક પૈકી, થોડીક જ પ્રજાતિઓ ભારતમાં ઘરજમાઈ બનીને જાહોજલાલી ભોગવે છે. વૈજ્ઞાનિકોના મતે, સૌથી સામાન્ય 'જર્મન કોક્રોચ' (Blattella germanica) નો ઉદ્ભવ આશરે ૨,૧૦૦ વર્ષ પહેલાં ભારત અને મ્યાનમારની આસપાસના વિસ્તારમાં થયેલો. ત્યાર બાદ તે વેપાર અને મુસાફરીના માધ્યમથી સમગ્ર દુનિયામાં ફેલાયો. એમાં ભારતીય વંદો 'પોલિફાગા ઈન્ડિકા' તરીકે ઓળખાયો. પણ લડવૈયો એવો કે, 'ધડ ધીંગાણે ને માથા મહાણે'ની માફક, માથું કપાઈ ગયા પછી પણ, એક બે અઠવાડિયા સુધી જીવી શકે. પાણી વગર એક અઠવાડિયું અને ખોરાક વગર એક મહિના સુધી જીવી શકે, માથું કપાઈ ગયા પછી પણ એક અઠવાડિયું જીવી શકે,

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

કોક્રોચકો કભી કમજોર મત સમજના..! સૌથી પ્રાચીન અને અવિનાશી જીવો પૈકીનું કીટક એટલે કોક્રોચ..!

૧૫ મિનીટ સુધી શ્વાસ રોકી શકે..! ભગવાને એના શરીરની રચના જ એવી બનાવેલી કે, પરમાણુ બોંબની પણ અસર નહીં થાય, પણ ચંપલના નજીવા ઘાથી લાંબા થઇ જાય..! દુ:ખની વાત એ કે, આટલો પુરાણો 'કોક્રોચ' હોવા છતાં, કોક્રોચ પાસે લક્ઝરી રેસીડન્સી નથી. એમના ધામા ગંદકીનાં ગરનાળાં, હોટલ, કે કોઈના રસોડામાં હોય..! મારા હાળા ખાઉધરા એવા કે, શ્રાવણ હોય કે અધિક માસ, ઉપવાસ સાથે કોઈ લેવાદેવા જ નહિ. અહં બ્રહ્માસ્મિ..! ખાવામાં કોઈ ચૂંધી નહિ, જે મળે તે ઝાપટી લે.

રાત પડે, ત્યારે એમનો દિવસ ઊગે. એટલે તો આપણે ઊંઘતા હોય ત્યારે જ ધાડ પાડે. રસોડું એમના કબજામાં લઇ લે..! રાતે જ 'સર્જીકલ સ્ટ્રાઈક'કરે..! યાર... વાઈફે સંતાડેલું આપણને નહિ મળે, પણ એ શોધી કાઢે. કહો કે તૈયારના ભાણે બેસવાવાળા..! માન ના માન તેરા મહેમાન'જેવા. પણ, સામે મળે ત્યારે, આપણે એની પ્રીમાઈસીસમાં ઘુસી આવ્યા હોય, એમ જોઈને કાતિલ નજરે ડોળા કાઢે..! ને ખુમારી પણ કેવી? ઊભો હોય ત્યારે ઋષિમંત જેવો લાગે, પણ અંદરથી પૂરો રાવણ..! દશ-પંદર વેકેશન પાડીને ભગવાને ઘડેલો હોય એમ, નહિ કોઈ કુદરતી આફતની અસર થાય કે, નહિ કોઈ પરમાણુ હુમલાની..!

મઝાની વાત તો એ કે, 'વાઈફ આપણાથી ડરે, પણ કોક્રોચથી ભડકે..! જગતભરની 'વાઈફો'ને એમની સાથે બારમો ચંદ્ર..! સાપ અને નોળિયા જેવી દુશ્મની. આવું કેમ થાય છે, એનું સંશોધન કરવા જેવું ખરું..! કદાચ એક કારણ હોઈ શકે, પતિ જેવા પતિને રસોડામાં પગલાં પાડવા નહીં દે, એ વાઈફ 'કોક્રોચ'ને રસોડામાં પગપેસારો કરવા દે ખરી..? દેખાયો તો, અપહરણ કરવા આવ્યો હોય એમ, ભડકીને ચીસાચીસ કરે અથવા દેખે ત્યાંથી ઠાર કરે. સાલું સમજમાં નહિ આવે કે, કોક્રોચ 'વાઈફો'થી ગભરાય છે, કે વાઈફો કોક્રોચથી ગભરાય છે..? જે વાઈફ સગા ધણીથી નહિ ગભરાય, એ 'વાઈફ'કોક્રોચ જોઈને કેમ ચીહાળા પાડે, એનું કારણ સમજાતું નથી. શું એ ભગવાનની લીલા હશે..?

પતિદેવોને બળતરા તો થાય જ ને..? આપણા કરતાં કોક્રોચ બહાદુર હોય તો ક્યાંથી સહન થાય..? ભગવાન જો સામા મળે તો, સચ્ચી, કહેવાનું મન થાય કે આવતા જન્મે જો આ જ વાઈફ મળવાની હોય તો, આવતો અવતાર મને કોક્રોચનો જ આપજે..! બદલો તો લેવાય..! આ તો એક ગમ્મત..!

લાસ્ટ બોલ

ફાસ્ટ ફુડ ખાવાથી, માણસ 'ફાસ્ટ બનતો નથી, અને સ્માર્ટ ફોન રાખવાથી માણસ 'સ્માર્ટ' બનતો નથી. પણ મુદ્દાની વાત એ છે કે, 'લુઝ મોશન'થાય તો, માણસ લુઝ જરૂર બની જાય છે..!

તારા કપાળમાં કાંદા ફોડું...!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

પેટ્રોલ પંપ પર પ્રયોગશાળા?

ઈથેનોલ મિશ્રણ (E20, E30, E85) નીતિ પણ પેટ્રોલની આયાત ઘટાડવા અને દેશને આત્મનિર્ભર બનાવવા માટેનો એક પ્રયાસ છે.પરંતુ બીજી તરફ ઘણાં વાહનચાલકો અને કેટલાક નિષ્ણાતો એન્જિનની કામગીરી,માઈલેજ, જાળવણી ખર્ચ અને વાહનની લાંબા ગાળાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. સામાન્ય વાહનચાલકનો સવાલ ખૂબ જ સરળ છે - શું આ ઈંધણ મારા વાહન માટે લાંબા સમય સુધી સંપૂર્ણપણે સુરક્ષિત છે? જો કોઈ વ્યક્તિ આ અંગે પ્રશ્ન પૂછે, તો તેને કોઈ લોબી સાથે જોડીને જોવાને બદલે તેની ચિંતાઓનો સ્પષ્ટ જવાબ આપવો વધુ જરૂરી છે. કારણ કે વાહન ખરીદનાર અને તેનો ખર્ચ ઉઠાવનાર સામાન્ય નાગરિક જ છે. જો ઈથેનોલ મિશ્રણના તમામ ફાયદા સાબિત છે, તો વાહન ઉત્પાદકો તરફથી લાંબા ગાળાની સ્પષ્ટ ગેરંટી અને વધુ પારદર્શક માહિતી પણ આપવામાં આવવી જોઈએ. સાથે સાથે સ્વતંત્ર પરીક્ષણો અને ખુલ્લી ચર્ચાઓ દ્વારા લોકોનો વિશ્વાસ વધારવો જોઈએ. દેશનાં નાગરિકો વિકાસના વિરોધી નથી. તેઓ માત્ર એટલું જ ઇચ્છે છે કે નવી નીતિના ફાયદા સાથે તેના સંભવિત પડકારો અને જોખમોની માહિતી પણ ખુલ્લેઆમ આપવામાં આવે. કારણ કે કોઈ પણ નીતિનો સીધો પ્રભાવ આખરે સામાન્ય નાગરિક પર જ પડે છે.

આશા રાખીએ કે સરકાર, વૈજ્ઞાનિકો, વાહન ઉત્પાદકો અને નાગરિકો વચ્ચે ખુલ્લો અને તથ્ય આધારિત સંવાદ થશે, જેથી દેશના વિકાસ અને સામાન્ય નાગરિકોના હિત બંને સાથે આગળ વધી શકે.

સુરત - આશિષ ટેલર

દેશ-વિદેશમાં ઘટેલી કેટલીક રસપ્રદ ઘટનાઓ

ભારતીય મુળના હૃદયરોગ નિષ્ણાં